## વિરમગામ કેન્દ્ર ખાતે "એક દિવસીય ખેડૂત તાલીમ" નું આયોજન

વિભાગીય કપાસ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, વિરમગામ કેન્દ્રના ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં સદર કેન્દ્ર ખાતે ચાલતી સેન્ટ્રલી સ્પોન્સર સ્કીમ-મીશન ફોર ઈન્ટીગ્રેટેડ ડેવલોપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત એક દિવસીય ખેડૂત તાલીમનું માનનીય કુલપતિશ્રી ડૉ. કે.બી.કથીરીયાનાં માર્ગદર્શન હેઠળ તા.૩૧/૧૨/૨૦૨૨ નાં રોજ આયોજન કરવામાં આવેલ. મધ્ય ગુજરાતનાં પાંચ તાલુકાઓ વિરમગામ, માંડલ,પાટડી, ધંધુકા અને રાપર (કચ્છ) માંથી ૧૮૨ પ્રગતિશીલ ખેડૂતોએ આ તાલીમમાં હાજર રહ્યા હતા. સંશોધન કેન્દ્ર ખાતેનાં દેશી કપાસ અને બીજ મસાલા પાકોના નવિન સંશોધનો ખેડૂતોને પ્રત્યક્ષ બતાવી જાણકારી આપવામાં આવેલ. આ તાલીમમાં આણંદ કૃષિ યુનિવર્સીટીના માનનીય કુલપતિ ડૉ. કે.બી. કથીરીયા સાહેબે ખેડૂતોને કોન્ટ્રાક્ટ પધ્ધતિ તેમજ જમીનને અનુકુળ નવા ખેતી પાકો અને જોડીયા હાર પધ્ધતિ અપનાવવા જણાવ્યુ હતુ. સંશોધન નિયામકશ્રી, ડૉ. એમ.કે.ઝાલા એ આ કેન્દ્ર દ્વારા છેલ્લા ૧૦૦ વર્ષની કપાસની સંશોધન પ્રવૃત્તિઓ અંગેની વિસ્તૃત માહિતી આપી અને દેશી કપાસની નવી જાત જીએડીસી-૩ (વાગડ ગૌરવ)ની ખેતી કરવા ભલામણ કરવામાં આવી હતી. વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ડૉ.એચ.બી.પટેલ એ ખેડૂતોને ભલામણ કરેલ ખાતર અને જંતુનાશક દવાઓનો જથ્થા કરતા વધુ પ્રમાણમાં ન વાપરવા ભલામણ કરી જેથી ઓછા ખર્ચે વધુ આવક મેળવી શકાય. કેન્દ્રના ઈન્ચાર્જ ડૉ. ટી.ટી.પટેલ દ્વારા દેશી કપાસ અને બીજ મસાલા પાકોની આધુનીક ખેતી પધ્ધતિ વિશે જાણકારી આપી. આ વિસ્તારનાં ખેડુતો દ્વારા ખતીને લગતા પ્રશ્નોની રજૂઆતો કરતા યુનિવર્સિટીનાં અધિકારીઓ દ્વારા તેનું યોગ્ય પ્રત્યુત્તર આપી ખેડૂતોના પ્રશ્નોનું સમાધાન કરેલ હતું. અંતમાં, ડૉ. ડી.આર.પાટીદારે પ્રગતિશીલ ખેડૂતો, યુનિવર્સિટીના અધિકારીઓ અને માનનીય કુલપતિશ્રીનો આ પ્રસંગે હાજરી આપવા આભાર વ્યક્ત કર્યો.






